ગાંધીનગર સમાચારમાં પ્રસિદ્ધ થયેલા અહેવાલની અસર

નગરપાલિકા તંત્રના ટાઉન પ્લાનિંગના કર્મચારીઓ દ્વારા સ્થળ મુલાકાત

તાત્કાલિક અસરથી કાર્યવાહી કરવા અંગે તાકીદ કરી : હિંમતનગરના માં દબાણકર્તાઓ દ્વારા કરવામાં આવેલા ગેરકાયદેસર બિન - અધિકૃત દબાણનો મામલો

હિંમતનગર (બ્યુરોઓફિસ) તા.૫

હિંમતનગર નગર પાલિકામાં સમાવિષ્ટ વોર્ડ નં- ૬ ની નિજાનંદનગર સોસાયટીમાં વીજ તંત્રની રહેમ નજર હેઠળ અરજદારની માલિકી અથવા કાયદેસરના ભોગવટાના પુરાવા વગર ફાળવવામાં આવેલા વીજ પુરવઠાના ભૂતિયા કનેક્શન તેમજ સોસાયટીના કોમન પ્લોટની જાહેર હેતુ માટે ની ખુલ્લી જગ્યામાં સ્થાનિક રહીશો દ્વારા દબાણ ઉભા કરવામાં આવતા જાગૃત નાગરિક દ્વારા વીજ તંત્ર તથા નગરપાલિકા તંત્રને લેખિતમાં કરવામાં આવેલી રજૂઆતને એકમાત્ર ગાંધીનગર સમાચારે વાચા આપતા નગરપાલિકા તંત્ર તથા વીજ તંત્ર હરકતમાં આવ્યું હતું અને હિંમતનગર નગરપાલિકા તંત્રના ટાઉન પ્લાનિંગના કર્મચારીઓએ સ્થળ મુલાકાત કરી હતી અને તાત્કાલિક અસરથી દબાણકર્તાઓ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા તાકીદ કરવામાં આવી છે તેમજ વીજ તંત્ર વિભાગ દ્વારા પણ ગાંધીનગર સમાચારમાં પ્રસિદ્ધ થયેલા અહેવાલને પગલે માલિકી અથવા તો ભોગવટાના પુરાવા વગર વીજ કનેક્શન મેળવનાર " કુમાર વેલ્ડીગ વર્કસ " નામના વીજ ધારકને વીજ જોડાણ અંગે દિન- ૭ માં મિલકતના પુરાવા રજૂ કરવા માટે નોટિસ ફટકારવામાં આવી છે ત્યારે ગેરકાયદેસર બિન - અધિકૃત રીતે વીજ જોડાણ અને સોસાયટીના કોમન પ્લોટની સાર્વજનિક જાહેર હેતુ માટે ની ખુલ્લી જગ્યામાં દબાણ કરનાર દબાણકર્તાઓમાં ભારે ફફડાટનો માહોલ ઊભો થવા પામ્યો છે.

કાયદાની ઐસી કી તૈસી : નગરપાલિકા તથા વિજ તંત્રના આંખ આડા કાન : તંત્રના પાપે દબાણકારો બેફામ

હિંમતનગર નગર પાલિકામાં સાર્વજનિક હેતુ માટેના કોમન પ્લોટની જગ્યામાં દબાણનો રાફડો ફાટયો

હિંમતનગર (બ્યુરો ઓફિસ) તા.૩

હિંમતનગર નગરપાલિકામાં સમાવિષ્ટ વોર્ડ નં-૬ના મોતીપુરા વિસ્તારની નિજાનંદ નગર સોસાયટીમાં બ્લોક નંબર- ૨૪ ના મકાન માલિક ઉમાકાન્ત સુથાર દ્વારા સોસાયટીના કોમન પ્લોટ ની જાહેર હેતુની સાર્વજનિક જગ્યામાં તાજેતરમાં થઈ રહેલ ગેરકાયદેસર બિન-અધિકૃત બાંધકામ સહિત સોસાયટીની કોમન પ્લોટની સાર્વજનિક જાહેર હેતુ માટે ની ખુલ્લી જગ્યામાં કેટલાક સ્થાનિક રહીશો દ્વારા દબાણ સંડાશ - બાથરૂમ, નાની-મોટી ઓરડીઓ , દુકાનો - ગેરેજ તથા કારખાનાઓ ઉભા કરી દબાણ કરવામાં આવતા સોસાયટીના રહીશોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે જેને લઈને એક જાગૃત નાગરિક દ્વારા હિંમતનગર નગરપાલિકા મહિલા પ્રમુખ યતીનબેન મોદી તથા સ્થાનિક કોર્પોરેટર સવજીભાઈ ભાટીને રૂબરૂ મૌખિક રજૂઆત કરવામાં આવી છે ત્યારે કેટલાક સ્થાનિક રહીશો દ્વારા નીતિ-નિયમો નેવે મૂકીને છેડે ચોક કરવામાં આવેલા ગેરકાયદેસર બિનઅધિકૃત દબાણો સોસાયટીના રહીશોના હિતને ધ્યાનમાં રાખીને નગરપાલિકા તંત્ર દ્વારા તાત્કાલિક અસરથી દબાણો દૂર કરવામાં આવી એવી લોકમાંગ પ્રવર્તી રહી છે.

નિજાનંદ નગર સોસાયટીમાં કોમન પ્લોટની સાર્વજનિક જાહેર હેતુ માટે ની ખુલ્લી જગ્યામાં સ્થાનિક રહીશો દ્વારા નીતિનિયમો નેવે મૂકીને છેડેચોક ગેરકાયદેસર બિન અધિકૃત સંડાશ - બાથરૂમ, નાની-મોટી ઓરડીઓ , દુકાનો - ગેરેજ તથા કારખાનાઓ ઉભા કરી દબાણ કરવામાં આવ્યા હોવાથી સોસાયટીમાં કોઈ પણ નાના મોટા પ્રસંગ કરવા હોય તો તેના માટે જગ્યા નથી .. ! જેથી સોસાયટીના મધ્યમ વર્ગના સ્થાનિકોને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે અને જન્મ-મરણ-લગ્ન પ્રસંગ કે સામાજિક પ્રસંગો ની ઉજવણી માટે સાર્વજનિક હેતુ માટેના કોમન પ્લોટ માં દબાણકારો દ્વારા ગેરકાયદેસર બિનઅધિકૃત દબાણોને પગલે જગ્યા ન હોવાથી નાનો મોટો પ્રસંગ કરવો હોય તો મોંઘા ખર્ચે પાર્ટી પ્લોટ ભાડે લેવાની નોબત આવી પડે છે તેમજ નાના-મોટા વાહનો પાર્કીંગ કરવામાં પણ ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે જેથી સોસાયટીના રહીશોને હિતને ધ્યાનમાં રાખીને નગરપાલિકા તંત્ર તથા વિજ તંત્ર દ્વારા નીતિનિયમો નેવે મૂકીને મેળવવામાં આવેલા ભૂતિયાં કનેક્શનનો સહિત ગેરકાયદેસર બિન - અધિકૃત બાંધકામોને તાત્કાલિક અસરથી દૂર કરવામાં આવે તેવી લોક માંગ પ્રબળ બની છે.

સોસાયટીના સ્થાનિક રહીશ દ્વારા ગેરકાયદેસર વીજ કનેક્શનો અંગે વીજ તંત્રને રજૂઆત કરવામાં આવી હતી

વાણિજ્યિક હેતુના વિજ કનેક્શન માટે સ્થળમાં અન્ય કોઈનો હક્ક , હિત હોય તો તેમની જરૂરી હિંમતના સ્ટેમ્પ પેપર ઉપર સંમતિ હોવી જરૂરી છે તેમજ સ્થળ ભાડાનું હોય તો. માલિકનું વીજ જોડાણ આપવા માટે "ના વાંધા પ્રમાણપત્ર" તથા સ્ટેથળની માલિકી દર્શાવતો/મકાન નંબર સાથેનો સક્ષમ અધિકારીનો દાખલો, અગર કરવેરા બીલની છેલ્લા વર્ષની પ્રામાણિત નકલ સહિતના આધાર પુરાવાઓ વગર વીજ તંત્ર દ્વારા ભૂતિયા કનેક્શન આપવામાં આવતા નિજાનંદનગર સોસાયટીના રહીશ દીપકભાઈ પોબીએ આજથી ત્રણેક માસ અગાઉ સોસાયટીના કોમન પ્લોટ ની સાર્વજનિક હેતુ માટે ની ખુલ્લી જગ્યામાં ગેરકાયદેસર બિનઅધિકૃત રીતે ઉભા કરાયેલ " કુમાર વેલ્ડીંગ વર્કસ " નામના કારખાનામાં અરજદારની માલિકી અથવા કાયદેસરના ભોગવટાના પુરાવા વગર ભૂતિયા વિજ કનેક્શન અંગે નાયબ ઈજનેર યુજીવીસીએલ હિંમતનગરને લેખિતમાં અરજી કરી ભૂતિયા કનેક્શન રદ કરવા માગણી કરી હતી.

નગરપાલિકા તંત્ર તથા વિજ તંત્ર દ્વારા સ્થળ તપાસ કરી ભૂતિયા કનેક્શન સહિત દબાણો દૂર કરવા લોકમાંગ

હિંમતનગર નગરપાલિકામાં સમાવિષ્ટ વોર્ડ નં- ૬ની નિજાનંદ નગર સોસાયટીમાં વીજતંત્રની રહેમ નજર હેઠળ અરજદારની માલિકી અથવા કાયદેસરના ભોગવટાના પુરાવા વગર ફાળવવામાં આવેલા ભૂતિયાં કનેક્શનનો સહિત કોમન પ્લોટ ની સાર્વજનિક હેતુ માટે ની ખુલ્લી જગ્યામાં કરવામાં આવેલા દબાણો અંગે વીજ તંત્ર તેમજ નગરપાલિકા તંત્ર દ્વારા સ્થળ તપાસ કરી ભૂતિયા કનેક્શન રદ કરી દબાણ હટાવવાની કામગીરી કરવામાં આવી લોક માંગ પ્રબળ બની છે.

જાહેર હિત માટેની અરજી કરનાર અરજીકર્તા વિરુદ્ધ દબાણકર્તાઓએ આડકતરી રીતે હેરાન-પરેશાન કરવાના કીમિયા શરૂ

એકમાત્ર " ગાંધીનગર સમાચાર " માં પ્રસિદ્ધ થયેલ અહેવાલને પગલે ભૂતિયા વીજ કનેક્શન મેળવનાર તથાથા સોસાયટીની કોમન પ્લોટ ની સાર્વજનિક જાહેરાતોની માટેની ખુલ્લી જગ્યામાં કરવામાં આવેલા દબાણકર્તાઓ દ્વારા

જાહેર હિત માટેની અરજી કરનાર અરજીકર્તા વિરુદ્ધ દબાણકર્તાઓએ આડકતરી રીતે હેરાન - પરેશાન કરવાના કીમિયા શરૂ કર્યા હોવાનું પણ લોકમુખે ચર્ચાઈ રહ્યું છે

દબાણો " જૈસે થે " રાખવા દબાણકર્તાઓ દ્વારા રાજકીય દબાણ આદર્યા હોવાની ગરમાગરમ ચર્ચા

હિંમતનગર નગરપાલિકામાં સમાવિષ્ટ વોર્ડ નં-૬ ની નિજાનંદનગર સોસાયટીમાં ભૂતિયા વીજ કનેક્શન તેમજ સ્થાનિક રહીશો દ્વારા સોસાયટીના કોમન પ્લોટ ની જાહેર હિતની સાર્વજનિક જગ્યામાં કરવામાં આવેલા દબાણ અંગે એક માત્ર ગાંધીનગર સમાચાર માં અહેવાલ પ્રસિદ્ધ થતા દબાણકર્તાઓમાં ભારે ફફડાટટનો માહોલ ઊભો થવા પામ્યો છે જેને લઈને દબાણકર્તાઓ દ્વારા યેનકેન પ્રકારે આડકતરી રીતે રાજકીય દબાણ લાવવાના પ્રયાસો હાથ ધર્યા આવવાની ગરમાગરમ ચર્ચાઓ નો દોર શરૂ થવા પામ્યો છે ત્યારે સમગ્ર મામલો સ્થાનિક રહીશો માટે ટોક ઓફ ધી ટાઉન બન્યો છે

કોરોના ઈફેક્ટ : સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના હજારો લોકો ડિપ્રેશનમાં

આર્થિક, શારીરિક મુશ્કેલી અને પરિવારજનો ગુમાવવાનું દુઃખ હાવિ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૫

કોરોનાનું સંક્રમણ ઘટ્યું, કોરોનાની સારવાર કરતી હોસ્પિટલો ખાલીખમ છે પરંતુ નવાઈની વાત એ છે કે હવે માનસિક રોગની હોસ્પિટલો દર્દીઓથી ઉભરાઈ રહી છે. સાબરકાંઠા, અરવલ્લીમાં સેંકડો પરિવાર કોરોનાથી પાયમાલ થયા. આર્થિક મોટું નુક્સાન થયું, સામાજીક અને શારીરિક રીતે પણ પડી ભાંગ્યા. કેટલાક કિસ્સાઓમાં પરિવારના સભ્ય કોરોનાગ્રસ્ત થયા અને સારવાર પાછળ લાખો રૂપિયા ખર્ચવા છતાં બચાવી ન શક્યા તેનું દુઃખ પણ અનેક પરિવારમાં જોવા મળ્યાં. સ્થિતિ એ છે કે બધી રીતે પાયમાલ થયેલા પરિવારોના ઘરના મુખ્ય સભ્યો ડિપ્રેશનમાં આવી ગયા છે અને મનોરોગી ચિકિત્સકની સારવાર લેવાની ફરજ પડી છે.

છેલ્લા ૧૫ મહિનાથી કોરોનાએ જનજીવનને લકવાગ્રસ્ત બનાવવાની સાથે હજારો ધંધાના શટર પાડી દીધા. કોરોનાથી ચેપગ્રસ્ત થયેલા લોકોએ સારવાર પાછળ માતબર રકમનો ખર્ચ કર્યો અને માંડ સાજા થયા પરંતુ લાંબા સમય સુધી સારવાર અને આર્થિક રીતે પાયમાલીના કારણે મધ્યમ અને ગરીબ પરિવારો મોટા પ્રમાણમાં બેહાલ થયા. બાકી હતું તે મોંઘવારીએ માજા મૂકી દીધી છે. હવે તો અમીર વર્ગ પણ મોંઘવારીના ડંખથી પીડાઈ રહ્યો છે. આ બધી સ્થિતિ વચ્ચે કોરોનાના કારણે કેટલાક પરિવારોએ પોતાના પરંપરાગત ધંધા-રોજગાર છોડી જ્યાં કમાવવા મળતું હોય તેવા ધંધામાં હાથ અજમાવ્યો છે પરંતુ પરિવારમાં સભ્યોની સંખ્યા વધુ અને મોંઘવારી જાજી હોવાથી ખર્ચને પહોંચી વળવું મુશ્કેલ છે. શૈક્ષણિક સંકુલો શરૂ થશે એટલે આવા પરિવારો ઉપર દિકરા-દિકરીઓને ભણાવવાનું ભારણ પણ વધવાનું છે. કેટલાક પરિવારોને પોતાના સંતાનો વયસ્ક થયા હોવાથી તેમનાં લગ્ન લેવાનાં છે પરંતુ જે બચત હતી તે કોરોનામાં વપરાઈ ગઈ. આ બધી સ્થિતિમાં હજારો લોકો અનિંદ્રાનો શિકાર બન્યા છે. જ્યારે આર્થિક તંગી, અનિંદ્રા અને પોતાની નજર સમક્ષ કોરોનાના કારણે સ્વજનો ગુમાવ્યાની વ્યથાએ પથ્થરમાંથી પાણી કાઢે તેવા લોકો પણ ડિપ્રેશનનો શિકાર બન્યા છે. કેટલાક લોકો આખી રાત ઉંઘ આવતી નથી તેવું પણ જણાવી રહ્યા છે આ બધા ડિપ્રેશનના લક્ષણો છે. જાણીતા મનોચિકિત્સકો જણાવી રહ્યા છે કે છેલ્લા ૨૦-૨૫ દિવસમાં ડિપ્રેશનના દર્દીઓની સંખ્યામાં વધારો થયો છે.

મોડાસાની પુરૂષોત્તમનગર સોસાયટીના ગેરકાયદે દબાણ દૂર કરવા પાલિકાના ઠાગાઠૈયા

કલેક્ટરને કોમન પ્લોટ ખાલી કરાવવાની સૂચના છતાં રસ નથી..!!

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૫

મોડાસાની ધી પુરૂષોત્તમનગર નિવાસ હાઉસીંગ સોસાયટીના કોમન પ્લોટમાં મહિલા દ્વારા ગેરકાયદે દબાણ કરાતાં આ મામલે થયેલી લેખિત ફરિયાદ પછી કોમન પ્લોટ ખાલી કરાવવા મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર(હાઉસીંગ) દ્વારા આદેશ થયો હોવા છતાં મોડાસા પાલિકા પાણીમાં બેઠી હોય તેમ દબાણ દુર કરવામાં નિષ્ફળ ગઈ છે તે સમયના કલેક્ટરને પણ કોમન પ્લોટ ખાલી કરાવવા તાકીદ કરવામાં આવી હતી પરંતુ દબાણ હટાવવામાં પાલિકા તંત્ર અને કલેક્ટર કચેરી નિરસ હોય તેવું ચિત્ર ઉભું થતાં આખરે આ મામલે ગુજરાત હાઈકોર્ટમાં પીટીશન થઈ છે તેમજ જિલ્લા કલેક્ટરને દબાણની જગ્યા ખાલી કરી આપવા અરજદાર હરખાભાઈ ધુળાભાઈ રાઠોડ દ્વારા લેખિત ફરિયાદ કરી મુખ્ય મંત્રી ઓનલાઈન સ્વાગત કાર્યક્રમના દ્વાર ખટખટાવ્યા છે.

જિલ્લાના શહેરી વિસ્તારોમાં દબાણોનો રાફડો ફાટ્યો છે. કેટલાકના ગેરકાયદે દબાણો નજર અંદાજ થઈ રહ્યા છે. ક્યાંક પાલિકા તંત્ર તેમજ સ્થાનિક પંચાયત તંત્રની મીલીભગતના કારણે દબાણકારોને છાવરવામાં આવી રહ્યા છે. કેટલાક કિસ્સાઓમાં આદેશોનું મનઘડત અર્થઘટન થતાં સાચા અરજદારોને ન્યાય મળતો નથી. મોડાસાની ધી પુરૂષોત્તમનગર સોસાયટીમાં રહેતા હરખાભાઈ બી. રાઠોડ સોસાયટીમાં કોમન પ્લોટમાં કરેલ ગેરકાયદે દબાણની જગ્યા ખાલી કરવા માટે કાનૂની જંગ શરૂ કર્યો છે. તાજેતરમાં અરવલ્લી કલેક્ટરને કરેલી લેખિત ફરિયાદમાં જણાવ્યું છે કે જે તે સમયે સોસાયટીએ હેમીબેન કોદરભાઈના વંશ-વારસોને અમૂક શરતોને આધિન કાચુ છાપરૂ બાંધવા મંડળીના કોમન પ્લોટમાં અમૂક સમય માટે પરવાનગી આપવામાં આવી હતી પરંતુ તેઓએ તેમાં પાકુ દબાણ કર્યું છે. આ અંગે મંડળીના ચેરમેન, સેક્રેટરી અને મોડાસા નગરપાલિકાને આધારપુરાવા સહિત લેખિત રજૂઆત પછી પણ દબાણ દૂર ન થતાં ગુજરાત હાઈકોર્ટમાં ન્યાય માટે અરજ કરી હતી.

ગુજરાત હાઈકોર્ટે તા.૨૬-૩-૨૦૧૯ના હુકમથી મોડાસા પાલિકાને આ અંગે યોગ્ય પગલાં લેવા હુકમ કર્યો ત્યાર પછી પાલિકાએ અરજદાર પાસે જરૂરી આધારપુરાવા માગતાં તે દસ્તાવેજ પુરા પાડ્યા પરંતુ પાલિકાના સત્તાધિશોએ દબાણકારો સામે ઘૂંટણો ટેકવી હોય તેમ આજદિન સુધી સોસાયટીના કોમન પ્લોટનું દબાણ દુર કર્યું નથી. ગુજરાત હાઈકોર્ટના હુકમનો ભંગ કર્યો છે જેથી તેમની સામે કાર્યવાહી કરવાની સાથે જિલ્લા કલેક્ટરને હાઉસીંગ સોસાયટીના કોમન પ્લોટનું ગેરકાયદે દબાણ દૂર કરવા મુખ્ય મંત્રી ઓનલાઈન સ્વાગત કાર્યક્રમમાં પહોંચ્યાનું જાણવા મળ્યું છે.

મૃત્યુ પછી વિવાદ : બાયડ તાલુકા પંચાયતના કરાર આધારીત કર્મચારીને ડીઝાસ્ટર ડ્યુટી

બેદરકાર અધિકારી સામે પગલાં ભરવાની માંગ, આવનારા દિવસોમાં રોષ સામે આવે તેવી વકી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૫

બાયડ તાલુકા પંચાયતમાં કરાર આધારીત કામગીરી કરતા

કર્મચારી અર્પિત ચીમનભાઈ પટેલ(રહે.બોલુન્દ્રા, તા.મોડાસા)નું માર્ગ અકસ્માતમાં મોત નિપજ્યા પછી વિવાદ ઉભો થયો છે. કરાર આધારીત કર્મચારીને ડીઝાસ્ટર જેવી વહીવટી કામગીરી સોંપવામાં આવે જ નહીં છતાં આવી કામગીરી કોને સોંપી..?? બેદરકાર અધિકારી સામે પગલાં ભરવાની માંગ થઈ છે. કરાર આધારીત અનેક કર્મચારીઓનું સરકારી કચેરીઓમાં અધિકારીઓ દ્વારા શોષણ થઈ રહ્યું છે અને હવે બે દિવસ અગાઉ કર્મચારીનું માર્ગ અકસ્માતમાં મોત નિપજ્યા પછી કરાર આધારીત કર્મચારીઓએ પણ ખોટી રીતે સોંપવામાં આવતી કામગીરીનો વિરોધ કરવાની હિંમત દાખવવી પડશે.

કરાર આધારીત કર્મચારીઓનું કારમી મોંઘવારીમાં દેખીતું શોષણ થઈ રહ્યું છે. પરંતુ બેરોજગાર થઈ જવાના બીકે આવા કર્મચારીઓ અવાજ ઉઠાવતા નથી. જ્યારે એસ..ફોર રૂલ્સ મુજબ કોઈપણ કરાર આધારીત કર્મચારીને વહીવટી કામગીરી ક્યારેય પણ ન સોંપી શકાય અને કદાચ સોંપવી હોય તો તેમને દિવસે કામગીરી સોંપવી જોઈએ, રાત્રે કોઈપણ સંજોગોમાં કામગીરી ન સોંપાય. આવા સંજોગોમાં બાયડ તાલુકા પંચાયત કચેરીમાં ટી.એલ.ઈ. તરીકે ફરજ બજાવતા કર્મચારીને ડીઝાસ્ટરમાં કામગીરી સોંપવામાં આવી. મોંડી રાત્રે બાઈક લઈને ઘર તરફ જઈ રહ્યા હતા ત્યારે કંજરીકંપા નજીક અજાણ્યા વાહને ટક્કર મારતાં મોત નિપજ્યું. દરેક સાથે હળીમળીને રહેતા કર્મચારીનું માર્ગ દુર્ઘટનામાં મોત નિપજતાં બાયડ તાલુકા પંચાયત કચેરીમાં માતમ છવાયો છે પરંતુ એ સાથે જ ડીઝાસ્ટર ડ્યુટીમાં નિયુક્તિનો મામલો પણ વિવાદમાં આવી ગયો છે. બેદરકાર અધિકારી સામે પગલાં નહીં ભરાય તો મૃતકના સગાઓ દ્વારા આ મામલે કાર્યવાહી થવાની પૂરી સંભાવના છે.

લાલપુરમાં રૂા.૧૦ લાખની વસુલી માટે યુવકનું કારમાં અપહરણ

પોલીસને જાણ કરાતાં ફિલ્મી દ્રશ્યો સર્જાયા, ૩ અપહરણકારોની અટકાયત

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૫

હિંમતનગર તાલુકાના લાલપુર ગામે રૂા.૧૦ લાખની વસુલી મુદ્દે મહેસાણા જિલ્લાના ૩ ઈસમોએ ભરતસિંહ ઉર્ફે ભલો આલુસિંહ ઝાલાનું અપહરણ કરી કાર દોડાવી મૂકતાં સનસનાટી મચી હતી. ગલ્લા-કેબિન ઉપર બેઠેલા યુવકનું પૈસાની લેતી દેતીમાં અપહરણ કરાયાની જાણ ગાંભોઈ પોલીસને કરાતાં અપહરણ કર્તાની કાર અને પોલીસ વચ્ચે ફિલ્મી દ્રશ્યો સર્જાયા હતા જેમાં પોલીસે સફળતાપૂર્વક અપહરણ કરાયેલ યુવકને છોડાવી ૩ જણની અટકાયત કરી છે. બનાવ અંગે ગાંભોઈ પોલીસે અપહરણના બનાવમાં શું ઘરબાયેલું છે તેની ઉંડી તપાસ શરૂ કરી છે.

પોલીસ સૂત્રોએ આપેલી જાણકારી મુજબ તલોદ તાલુકાના મોઢુકા ગામનો મૂળ વતની હિંમતનગર તાલુકાના લાલપુર ગામે ગલ્લા-કેબિન ચલાવી ગુજરાત ચલાવી રહ્યો છે. તા.૪ ના રોજ બપોરના સમયે તે ગલ્લા ઉપર બેઠો હતો જે સમયે મહેસાણા જિલ્લાના ગઠામણ અને માલેકપુર ગામના ૩ ઈસમો કાર લઈ ત્યાં આવ્યા હતા અને યુવક કંઈપણ સમજે તે અગાઉ તેને કારમાં ઉઠાવી ખેરાલુ તરફ કાર ભગાવી મૂકી હતી. રસ્તામાં યુવકે અપહરણનું કારણ પૂછતાં ભરત ઝાલાના માસીના દિકરા અજમેલને અપહરણકારોએ ફોન કરી કહેલ કે અમારા બાકી નિકળતા ૧૦ લાખ આપી ભરતને ખેરાલુ થી છોડાવી જજો તેમ કહેતાં તાબડતોબ ગાંભોઈ પોલીસને જાણ કરવામાં આવી હતી જેથી પોલીસ દ્વારા ખેરાલુને જોડતા માર્ગો ઉપર નાકાબંધી ગોઠવી દેવામાં આવતાં ત્રણેય અપહરણકારો આબાદ રીતે ઝડપાઈ ગયા હતા. પોલીસે અપહરણના મામલાની ઉંડી તપાસ હાથ ધરી છે જેમાં બાકી નિકળતા પૈસા મુદ્દે અપહરણ કરાયાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે. પોલીસે અપહરણકારોની કારનો પીછો કરતાં માર્ગ ઉપર જીવ સટોસટના દ્રશ્યો સર્જાયા હતા. બનાવ અંગે ગાંભોઈ પોલીસે ૩ જણ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

આર્મીની ભરતી મુદ્દે આપેલા પૈસાની વસુલી માટે અપહરણ : પી.એસ.આઈ.

બાયડ : હિંમતનગર તાલુકાના લાલપુર ગામેથી ગલ્લા-કેબિન ધારક ભરત ઝાલાનું મહેસાણા જિલ્લાના ઈસમોએ કારમાં અપહરણ કર્યાની સનસની ઘટના બહાર આવી છે. ગાંભોઈ પી.એસ.આઈ. પી.પી.જાનીનો સંપર્ક કરતાં આર્મીની ભરતી મુદ્દે અપહરણ કરાયેલ યુવકના સગા અજમેલે પૈસા લીધા હોવાથી તેની પરત વસુલી માટે અપહરણ કર્યાનું જણાવ્યું હતું જો કે હજુ આ અંગે ઉંડી તપાસ થઈ રહ્યાનું વધુમાં જણાવ્યું હતું.

આરોપી..

દિનેશકુમાર પ્રહલાદભાઈ ચૌધરી, રહે.ગઠામણ, તા.ખેરાલુ
સાહીલ જીવાભાઈ રબારી, રહે.ગઠામણ, તા.ખેરાલુ
જીગર કાન્તિજી ઠાકોર, રહે.માલેકપુર, તા.ખેરાલુ

શિવભક્તિની અનોખી પરંપરા : મેશ્વો જળાશયમાં ડૂબમાં ગયેલા શિવમંદિરે દર વર્ષે ધ્વજારોહણ

રામપુરના યુવાનોએ હોડીમાં બેસી ધજાની પરંપરા જાળવી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૫

મોડાસા તાલુકાના રામપુરમાં શિવભક્તિની અનોખી પરંપરા ૬૦ વર્ષ પછી પણ અકબંધ રહી છે. મેશ્વો જળાશયમાં ડૂબમાં ગયેલા શિવમંદિરે દર વર્ષે ચોમાસાની સીઝનમાં ધ્વજારોહણ કરવામાં આવતું હોય છે જેમાં સ્થાનિક યુવાનો હોડીમાં બેસી જે જગ્યાએ મંદિર જળમગ્ન થયું છે ત્યાં ધજા સ્થાપિત કરી સારા ચોમાસા અંગે મહાદેવ સમક્ષ પ્રાર્થના કરતા હોય છે. અષાઢ મહિનામાં આ શ્રદ્ધા જાળવી રાખી સોમવારે આસ્થાવાન યુવાનોએ હર હર મહાદેવના નાદ સાથે ધ્વજારોહણ કર્યું ત્યારે આસ્થાસભર દ્રશ્યો જળાશયમાં જોવા મળ્યા હતા.

શિવજીને જળાભિષેક કરવાનું શાસ્ત્રોક્ત મહત્વ રહેલું છે તેમાંય સ્વયંભૂ શિવાલયમાં ભગવાન ભોળાનાથની સાધના ત્વરીત ફળદાયી સાબિત થતી હોય છે. આમ તો ભગવાન ભોળાનાથ એક લોટા જળમાં પ્રસન્ન થઈ જતા હોય છે પરંતુ આખે આખું મંદિર જ જળમગ્ન હોય ત્યારે તે સ્થળે ધ્વજા ચઢાવવા માટે કેટલી આસ્થા હોય તે માની શકાય છે. તાલુકાના રામપુર ગામે સ્થાનિક પ્રજાજનો માટે સ્વયંભૂ શિવમંદિર આસ્થાનું કેન્દ્ર બન્યું હતું જેમાં ગ્રામજનોએ સામૂહીક રીતે આજથી ૬૦ વર્ષ અગાઉ શિવમંદિરનું નિર્માણ કર્યું. વર્ષોવિત્યા તેમ આ વિસ્તાર મેશ્વો જળાશયમાં ડૂબમાં ગયો જે સ્થળે મંદિર હતું તે આખોય વિસ્તાર ચોમાસા દરમ્યાન ડૂબમાં જતો હોવાથી અન્ય સ્થળે ગ્રામજનોએ વસવાટ કર્યો પરંતુ મહાદેવ પ્રત્યેની આસ્થા વર્ષો પછી પણ જાળવી રાખી છે જેમાં સારા ચોમાસાની પ્રાર્થના સાથે ગામના યુવાનો જળાશયમાં પાણી હોય તેમ છતાં હોળીમાં બેસી જે સ્થળે મંદિર ડૂબમાં ગયું છે ત્યાં ધ્વજા ચઢાવવાની વિધિ પૂર્ણ કરતા હોય છે. હર હર મહાદેવના નારા સાથે ગત રોજ યુવાનોએ વર્ષોથી ચાલી આવતી આ પરંપરા જાળવી રાખી હતી. ભરૂચ પાસેના દરિયામાં સ્તંભેશ્વર મહાદેવ દેશ-વિદેશમાં ખ્યાતિ પ્રાપ્ત બન્યું છે પરંતુ અરવલ્લીના રામપુરમાં જળાશયમાં જળમગ્ન મહાદેવનું પણ આ વિસ્તારમાં આસ્થાનું કેન્દ્ર બન્યા હોવાથી દર ચોમાસામાં ધ્વજા આરોહણની પરંપરા જળવાતી આવી છે.

સુપ્રસિદ્ધ શામળાજી મંદિરમાં ૬.૫ કીલો ચાંદીના વાસણો એક ભક્તે કાળીયા ઠાકોરને અર્પણ કર્યા

અન્ય ભક્તે ચાંદીનો મુગટ દાન કર્યો

સમગ્ર દેશ-વિદેશમાં પ્રસિધ્ધ યાત્રાધામ શામળાજી ખાતે બીરાજતા શ્રી ગદાધર ભગવાન વિષ્ણુના પાવનકારી દર્શન કરવા મોટી સંખ્યામાં ભક્તો આવે છે શામળાજી મંદિરમાં બિરાજતા ભગવાન કાળીયા ઠાકોર અખૂટ શ્રધ્ધા ધરાવતા ભક્તો તરફથી શામળાજી મંદીરને સોના-ચાંદીનું દાન કરવામાં આવે છે ત્યારે એક ભક્ત દ્વારા શામળાજી મંદિરમાં ૬.૫ કીલો ચાંદીના વાસણો અર્પણ કરવામાં આવ્યા છે ભગવાન શામળીયાને રાજભોગ ચાંદીના વાસણોમાં ધરવામાં આવશે તેવું મંદિરના ટ્રસ્ટીઓએ જણાવ્યું હતું ચાર દિવસ પહેલા એક ભક્ત તરફથી ચાંદીનો ચાર કીલો વજન ધરાવતો મુગટ દાન કરવામાં આવ્યો હતો

શામળાજી મંદિર ભગવાન શ્રી કૃષ્ણના ભક્તોની આસ્થાનુ કેન્દ્ર છે. હજારોની સંખ્યામાં ઠેર ઠેરથી શ્રદ્ધાળુઓ દર્શનાર્થે અહી આવે છે અને શામળા શેઠના દર્શન કરીને ધન્યતા અનુભવે છે.શામળાજી મંદિરમાં આસ્થા ધરાવતા એક ભક્તે ૭ લાખથી વધુની કિંમતના ચાંદીના થાળી વાટકી,ચમચી અને ગ્લાસ તેમજ અન્ય વાસણ અર્પણ કરવામાં આવ્યા હતા શામળાજી મંદીરના ટ્રસ્ટીના જણાવ્યા અનુસાર એક શ્રદ્ધાળુએ ચાંદીના વાસણોનું ગુપ્ત દાન કરતા હવે થી ભગવાન શામળીયાને ચાંદીના વાસણોમાં રાજભોગ અર્પણ કરવામાં આવશે અને મંદીર ટ્રસ્ટે ગુપ્ત દાન કરનાર ભક્તનો આભાર વ્યક્ત કર્યો હતો

ચોમાસુ ઘોંચમાં : ઉત્તર ગુજરાતમાં વાવેતર બચાવવા ખેડૂતોને સિંચાઈના પાણીની આશ

જળાશયોમાંથી પાણી છોડવા ખેડૂતોની માંગ, આકાશી ખેતી ઉપર નભતા ખેડૂતોની ચિંતામાં વધારો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૫

ઉત્તર ગુજરાતમાં ચોમાસુ ઘોંચમાં પડ્યું છે. ખેડૂતોને બિયારણ નિષ્ફળ જવાનો ભય સતાવી રહ્યો છે ત્યારે જળાશયોમાંથી સિંચાઈ માટે પાણી છોડવા માટે ખેડૂતોએ આશા વ્યક્ત કરી છે. ધાર્યા કરતાં પણ વધુ સમય વરસાદ ખેંચાય તો આવનારા સમયમાં વાવેતર કરનારા ખેડૂતોનું સમુળગું બિયારણ નિષ્ફળ જાય તેમ હોવાથી ૫ જિલ્લાના જળાશયોમાં હાલ પાણીનો જથ્થો સંગ્રહ છે તેમાંથી વાવેતર બચાવવા માટે પાણી છોડવું જોઈએ તેવું ખેડૂતો બોલી રહ્યા છે. ઉત્તર ગુજરાતના મેશ્વો, માઝૂમ, હરણાવ, ધરોઈ, હાથમતી સહિતના જળાશયોમાં પાણીનો જથ્થો જળવાયેલો છે તેમાંથી સિંચાઈનું પાણી છોડવામાં નિર્ણય લેવો જોઈએ તેવી આશા ખેડૂત અગ્રણીઓએ વ્યક્ત કરી છે.